જિલ્લામાં પલ્સ પોલિયો માટે ૮૨૨ બુથ

૧,૭૮,૦૦૦ બાળકોને આવરી લેવાશે : ૨૮૬ જેટલા હાઈરિસ્ક સ્પોર્ટ છે તે માટે ૧૧૫ મોબાઈલ ટીમ રહેશે : ૧૨ ટ્રાન્ઝીટ પોઈંટ પર પણ ખાસ બુથ ઉભા કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૮

આગામી ૨૮મી જાન્યુઆરીએ જિલ્લામાં પલ્સ પોલીયો અભિયાન અંતર્ગત ૮૨૨ જેટલા બુથ ઉભા કરી અને ૧ લાખ ૭૮ હજાર જેટલા બાળકોને આવરી લેવામાં આવશે. જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાનની આ કામગીરી માટેનું આયોજન આખરી કરી દેવામાં આવ્યું છે. આ માટે જિલ્લાના ૩૭૦૦થી વધુ કર્મચારીઓ જોતરાશે અને દરેક તાલુકા દીઠ એક લાયઝન અધિકારીની પણ નિયુક્તી કરવામાં આવી છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૨૮૬ જેટલા હાઈરિસ્ક સ્પોર્ટ છે જેના કવરેજ માટે ૧૧૫ મોબાઈલ ટીમ આ દિવસે સતત ફરતી રહેશે અને બાળકોને રસી પિવડાવી પોલિયોથી રક્ષિત કરવામાં આવશે.

તંત્રએ ૮૨૨ બુથ ઉપરાંત ૧૨ જેટલા ટ્રાન્ઝીટ પોઈંટ પણ નિયત કર્યા છે. જ્યાં ખાસ ટીમો મુકવામાં આવશે. જેથી એ દિવસે પ્રવાસ કરી રહેલા બાળકોને પણ રસીના ટીપાં પીવડાવવામાં આવશે. ૨૮મીએ જિલ્લામાં સારૂ કવરેજ થાય તે માટે તંત્ર દ્વારા આ અંગે ખાસ રણનીતિ પણ તૈયાર કરી દેવામાં આવી છે. જેથી કોઈ બાળક રહી ના જાય કે છૂટી ના જાય. તંત્રએ આ માટે કર્મયોગીઓને ખાસ તાલિમ પણ આપી છે.

૨૮મી બાદ રહી ગયેલા બાળકોને પણ આવરી લેવા માટે બે દિવસ સુધી ટીમો ઘરે ઘરે ફરી અને અભિયાન ચલાવશે. આ બે દિવસના અભિયાન માટે તંત્રએ ૧૪૫૩ ટીમો બનાવી છે. જે જિલ્લાના બે લાખ ૭૦ હજાર આવાસોને આવરી લેશે.

જિલ્લામાં ૦ થી ૫ વર્ષની વય ધરાવતા ૧ લાખ ૭૮ હજાર બાળકો છે અને આ લક્ષ્યાંક પણ સર્વે કરી નિયત કરવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

આ પલ્સ પોલિયો અભિયાન દર વર્ષે બે તબક્કે યોજવામાં આવે છે. પ્રથમ રાઉન્ડ ૨૮મી જાન્યુઆરીએ યોજાશે જ્યારે બીજો રાઉન્ડ ૧૧મી માર્ચના રોજ યોજવામાં આવશે. આ માટે બસ્સોથી પણ વધુ વાહનો ઉપયોગમાં લેવામાં આવશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રસીકરણ માટે પૂરતો જથ્થો આવી ગયો છે અને તે દરેક ગામે પહોંચતો પણ કરી દેવામાં આવ્યો છે. આ અભિયાન માટે સ્વૈચ્છીક સંગઠનોનો પણ સહયોગ લેવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ કહ્યુ છે.

ચાર કરોડથી વધુ લાઈક્સના ''દર્શન''

ગાંધીનગરમાં અભ્યાસ કરી ચુકેલા અને વિજાપુરમાં જન્મેલા પ્રતિભાશાળી યુવા ગાયક દર્શન રાવલના સોની ટીવી પર પ્રસારિત થયેલા સોન્ગ ''તેરા જીક''ને ચાર કરોડથી પણ વધુ લાઈક્સ પ્રાપ્ત થતા સ્થાનિક સંગીત પ્રેમીઓમાં આનંદનું મોજુ પ્રસરી જવા પામ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે દર્શન રાવલના અન્ય ત્રણ સોન્ગ્સ 'પ્રેમ રતન ધન પાયો', 'સનમ તેરી કસમ' અને 'તુ ખીંચ મેરી ફોટો'ને પણ એક મિલિયન જેટલી લાઈક્સ પ્રાપ્ત થયેલ છે.

સે. ૨૩ની જર્જરિત લગ્નવાડીનુ સત્વરે રિનોવેશન કરવા માંગ

મેન્ટેનન્સના અભાવે લગ્નવાડીની હાલત બદતર બની : ઈલેક્ટ્રીક વાયરીંગ પણ જોખમી હાલતમાં : સ્થાનિક કોર્પોરેટરની રજૂઆત

ગાંધીનગર, તા. ૧૮

કોઈના લગ્નનો આનંદ શોકમાં ફેરવાઈ જાય તેવુ જોખમ સેક્ટર-૨૩ની લગ્નવાડીના જર્જરિત થયેલા મકાનને કારણે જણાઈ રહ્યું છે. ઘણા સમયથી આ લગ્નવાડીનું મરામત કાર્ય પણ હાથ ધરાયુ નથી અને તેની હાલત આયુષ્ય મર્યાદા પુરી થઈ ગઈ હોય તેવી હોવાની રજૂઆત સાથે લગ્નવાડીને આધુનિક સમય મુજબની જરૂરિયાત પ્રમાણે સત્વરે રિનોવેટ કરવા સ્થાનિક કોર્પોરેટર નીલાબેન શુકલ દ્વારા માંગ કરવામાં આવી છે.

ગાંધીનગરના સેક્ટર-૨૩ ઉપરાંત આસપાસના અનેક સેક્ટર્સ સહિત અનેક શહેરીજનો પોતાના ઘરના લગ્નપ્રસંગનું આયોજન કરવા સેક્ટર-૨૩ની લગ્નવાડીનો ઉપયોગ કરે છે. આ લગ્નવાડીના મકાનની હાલત અત્યંત દયનીય અને જોખમી બની છે અને જર્જરિત હાલતમાં આવી ચુકેલી લગ્નવાડીમાં ઈલેક્ટ્રીક ફિટિંગ્સ પણ અત્યંત જોખમી હાલતમાં જોવા મળી રહ્યાં છે. આ ઉપરાંત લગ્નવાડીના સંડાસ-બાથરૂમ તેમજ લોનની પણ હાલત બદતર હોવાથી વાડી ભાડે રાખનારને પરેશાનીનો ભોગ બનવા સિવાય કશુ હાથ લાગતુ નથી. અત્યાર સુધી લોકપ્રિય રહેલી આ લગ્નવાડીની જર્જરિત પરિસ્થિતિને કારણે ના છુટકે નગરજનો ખાનગી પાર્ટી પ્લોટના મોંઘા ભાડા ચુકવી પ્રસંગો હાથ ધરવા મજબૂર બન્યાં છે. જો કોઈ પ્રસંગ અહીં આયોજિત કરાય તો ઉપરોક્ત મુશ્કેલીઓ સાથે વાહન પાર્કિંગ સહિતની સમસ્યાનો સામનો કરવો પડે છે. લગ્નવાડીનું સત્વરે રિનોવેશન કાર્ય હાથ ધરવું જોઈએ અને અત્યાધુનિક સગવડ સાથેની લગ્નવાડી તૈયાર કરવી જોઈએ તેવી લોકલાગણીને સ્થાનિક કોર્પોરેટર નીલાબેન શુકલ દ્વારા પાટનગર યોજના વિભાગ નં. ૧ ના કાર્યપાલક ઈજનેરને લેખિત રજૂઆત થકી વાચા આપવામાં આવી છે. આ પ્રસંગે સ્થાનિક અગ્રણીઓ પંકજ શુકલ તથા સુરેશ મહેતા સહિત અન્ય અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

મોઢેરા સૂર્ય મંદિર ખાતે ઉત્તરાર્ધ મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

રાજ્ય સરકાર દ્વારા પ્રતિવર્ષ મહેસાણા જિલ્લાના મોઢેરા સૂર્ય મંદિર ખાતે ઉત્તરાર્ધ મહોત્સવનું આયોજના કરવામાં આવે છે. આ વર્ષે તા. ૨૦ અને ૨૧ જાન્યુઆરી ૨૦૧૮ દરમિયાન આ મહોત્સવનું આયોજન કરાયું છે.

આ ઉત્તરાર્ધ મહોત્સવમાં તા. ૨૦-૧-૨૦૧૮ના રોજ પદ્મશ્રી ડૉ. ઈલિઆના સિતારિસ્ટી (ઓડીસી), ઐશ્વર્યા વરિયાર (મોહિનીઅટ્ટમ), સુચરિતા ત્રિપાઠી (ઓડીસી), ડિમ્પલ ડેપ્યુટી (ભરતનાટ્યમ), શકુંતલા ઓઝા, (કુચિપુડી) શિતલ બારોટ (ભરતનાટ્યમ) તથા તા. ૨૧-૧-૨૦૧૮ના રોજ પદ્મશ્રી, દેવયાની (ભરતનાટ્યમ), ગુરૂ પાલીચંદ્ર અને મૈથિલિ પટેલ (કથ્થક), ડૉ.સુંધરા ડોરાસ્વામી (ભરતનાટ્યમ), મેઘના શાહ (મોહિનીઅટ્ટમ), નિતા આચાર્ય (કુચિપુડી), એશા જોષી (કથ્થક) દ્વારા શાસ્ત્રીય નૃત્ય રજુ કરવામાં આવશે. સાંજના ૭ કલાકે શરૂ થનારા આ કાર્યક્રમનો લાભ લેવા યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના કમિશનર એમ. કે. ગાંધીએ જાહેર જનતાને અનુરોધ કર્યો છે.

ગાંધીનગર તાલુકા પંચાયત અને માણસા નગરપાલિકા માટે કોંગ્રેસ દ્વારા ૫૦ નિરીક્ષકોની નિમણૂંક

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર તાલુકા પંચાયત અને માણસા નગરપાલિકાની ચૂંટણીના પડઘમ વાગતાં કોંગ્રેસે આજે ૫૦ નિરીક્ષકોની ઉમેદવારોની પસંદગીને લઈ નિયુક્તી કરી છે.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષપદે આજે પક્ષના સંગઠનના માહિરોની એક મહત્વની બેઠક જિલ્લા પંચાયત ખાતે યોજવામાં આવી હતી અને તેમાં આ બન્ને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં પક્ષના ભવ્ય વિજય માટેની રણનીતિ તૈયાર કરી દેવામાં આવી હતી.

ગાંધીનગર તાલુકા પંચાયતની બેઠકો માટે જિલ્લાના સિનીયર આગેવાનોની નિરીક્ષક તરીકે નિયુક્તી કરવામાં આવી છે. દરેક બેઠક દીઠ એક નિરીક્ષક મુકવામાં આવ્યા છે. કલોલ અને માણસાના આગેવાનોને આ જવાબદારી સોંપવામાં આવી છે.

નિરીક્ષકો ટૂંક જ સમયમાં જે તે તાલુકા બેઠકો પર જશે અને ઉમેદવારોની પસંદગી અંગે સ્થાનિક નેતાઓ કાર્યકરોને મળી ઉમેદવારોની પેનલ તૈયાર કરી જિલ્લા સમિતિને સોંપશે. માણસા નગરપાલિકા માટે પણ ૧૪ નિરીક્ષકોની નિયુક્તી કરવામાં આવી છે જેમાં ગાંધીનગર અને દહેગામના આગેવાન કાર્યકરોની પસંદગી કરવામાં આવી છે. આ નિરીક્ષકો દ્વારા પેનલ બનાવવામાં આવશે અને તેમાંથી ઉમેદવારની પસંદગી કરાશે. ઉમેદવારની પસંદગીમાં કાર્યકર્તાનો અવાજ મહત્વનો રહેશે. આજની આ બેઠકમાં ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, સુરેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, અરવિંદસિંહ સોલંકી, ડૉ. હિમાંશુ પટેલ, ગોવિંદજી સોલંકી, બાબુજી ઠાકોર, જશુભા રાણા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ડીએસપી સંકુલના મેદાનમાં રમત-ગમતના સાધનો લાગ્યા

શહેરના સેકટરોમાં કોર્પોરેટર્સની ગ્રાન્ટમાંથી બાળકો માટેના રમત ગમતના સાધનો મુકવામાં આવી રહ્યા છે. શહેરના સે-૨૮ સ્થિત ડીએસપી ઓફિસના સંકુલના મેદાનમાં પણ સ્થાનિક કોર્પોરેટર હર્ષાબા ધાંધલની ગ્રાન્ટમાંથી બાળકો માટે રમતગમતના તદ્દન નવા સાધનો લગાડવામાં આવ્યા છે.

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ કર્મચારી મંડળના પ્રમુખ તરીકે વિજયસિંહ વાઘેલાની નિમણૂંક

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની વડી કચેરી સેકટર-૧૦ ખાતે પી.ઓ.ધુવાના અધ્યક્ષ સ્થાને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ કર્મચારી મંડળની સામાન્ય સભા યોજાઈ હતી. આ સભામાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને વર્ષ ૨૦૧૮ માટે નીચે મુજબના હોદેદારોની વરણી સર્વાનુમતે કરવામાં આવી હતી.

જેમાં પ્રમુખ તરીકે વિજયસિંહ વાઘેલા,મહામંત્રી તરીકે ભીમસિંહ વાઘેલા, ઉપપ્રમુખ તરીકે કમલેશ લકુમ અને ભરતભાઈ પ્રજાપતિ, સહમંત્રી તરીકે રાજુભાઈ ઠક્કર અને કચુભાઈ આર.પટેલ, સંગઠનમંત્રી તરીકે કુ.કામિનીબેન પંડયા, ખજાનચી તરીકે એ.કે.ગવલી, ઓડીટર તરીકે આર.ડી.પાટીલ, સલાહકાર તરીકે પી.એન.વાઢેર અને વિક્રમસિંહ બિહોલાનો સમાવેશ થાય છે. કર્મચારી મંડળના સૌ સભ્યોને કર્મચારીઓએ અભિનંદર સહ શુભેચ્છા પાઠવી હતી અને બોર્ડના કર્મચારીઓને લગતા પ્રશ્નોનું નિરાકરણ લાવવા જણાવ્યું હતું.

આશા ફેસીલીટેટરો દ્વારા યોગ્ય મહેનતાણું આપવા ઉચ્ચકક્ષાએ માંગ

ગાંધીનગર, તા.૧૮

દરેક ૧૦૦૦ વર્ષની વસ્તીએ એક આશાની નિમણુંક કરવામાં આવી છે. તેમ ૧૦ થી ૨૦ આશાએ એક ફેસીલીટેટરની નિમણુંક કરાઈ છે. ફેસીલીટેટરોની કામગીરીને જોતા તેઓને મહેનતાણું ઓછુ મળે છે. ૩૦ દિવસ કામ કરવા છતા માત્ર ૨૦ વિઝીટના જ રૂપીયા મળે છે ત્યારે ૩૦ વિઝીટના રૂપીયા મળે અને રૂ.૨૦૦ની જગ્યાએ યોગ્ય મહેનતાણું મળે તે માટે ઉચ્ચકક્ષાએ આશા ફેસીલીટેટરો બહેનોએ માંગ કરી છે.

આશા બહેનોની સાથે ફેસીલીટેટરો પણ ગ્રામ્ય વિસ્તારમાં કામ કરે છે. આશાને તમામ રીતે મદદરુપ થઈએ છીએ. સીમ વિસ્તારમાં એએનસી, પીએનસી, ની વિજીટ કરીએ છીએ, ઝોખમી સગર્ભા, ઝોખમી બાળક, એચબીએનસી, એસએનસીયુ, માંથી ઘરે લાવેલ બાળકની ખાસ વિજીટ, શાળા આરોગ્ય, ફેમીલી હેલ્થ સર્વે, મમતા દિવસ, સંજીવની સમિતિની બેઠક, આશાઓનું રેકર્ડ રજીસ્ટર તપાસવા, ઈ-મમતામાં એન્ટ્રી કરાવવી તે ઉપરાંત રજાના દિવસે પણ રોગચાળો ફાટી નીકળે તો આશાની સાથે ગમે તે સમયે ફિલ્ડમાં જઈએ છીએ. ૩૦ દિવસ કામ કરીએ છીએ પરંતુ માત્ર ૨૦ જ દિવસનું મહેનતાણું મળે છે. તેમજ ગમે ત્યારે આરોગ્યલક્ષી કાર્યક્રમ હોય ત્યાં હાજર રહીએ છીએ. ત્યારે ૨૦ દિવસની જગ્યાએ ૩૦ દિવસની કામગીરીના પૈસા મળે તેમજ રૂ.૨૦૦ના સ્થાને યોગ્ય વળતર તંત્ર દ્વારા આપવામાં આવે તેમ ફેસીલીટેટરો બહેનો ઈચ્છી રહ્યા છે. આશા અને આંગણવાડી બહેનોને ૫૦ ટકા વધારો મળે છે. ત્યારે આ બહેનોને પણ યોગ્ય વધારો મળે તેની રાહ જોઈને બેઠા છે. ત્યારે તંત્ર સમક્ષ ઉચ્ચ પગાર ધોરણ મળે તેવી આશા ફેસીલીટેટરો બહેનો આશા રાખીને બેઠી છે.

ભારતીય જૈન સંગઠન દ્વારા ''બીઝનેસ ડેવલપમેન્ટ'' કાર્યક્રમનું આયોજન

ભારતીય જૈન સંગઠન ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૮ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ સવારે ૯ થી ૧ કલાક દરમિયાન આંબેડકર ભવન સેકટર-૧૨ ખાતે સમસ્ત જૈન સમાજના યુવાનો, વ્યાપારીઓ, તથા અન્ય સમાજના વ્યાપારીઓ અને યુવકો જેઓ પોતાના વ્યવસાયને વિકસાવવા ઈચ્છતા હોય અથવા નવો વ્યવસાય શરુ કરવા ઈચ્છતા હોય તેમના માટે બીઝનેસ ડેવલપમેન્ટ પ્રોગામનું આયોજન કરી રહ્યું છે. ભારતના પ્રખ્યાત મેનેજમેન્ટ ગુરુ રાકેશ જૈન ખાસ ઉપસ્થિત રહી આપના વ્યવસાયને નવી ઉંચી ક્ષિતીજે લઈ જવા માટે અમુલ્ય માર્ગદર્શન આપશે. આ સેમીનારમાં ભાગ લેવા રજીસ્ટ્રેશન ફી માત્ર રૂ.૧૦૦ રાખવામાં આવેલ છે. ૨૫૦ યુવકો વ્યાપારીઓને જ પ્રવેશ આપવામાં આવશે. રજીસ્ટ્રેશન માટે આર.ડી.ગાંધી (૯૯૨૪૧૨૩૧૬૪), અને ધવલ સી. શાહ (૯૭૨૭૭૦૬૧૦૪) નો તાત્કાલીક સંપર્ક કરવા સંસ્થાના પ્રમુખ આર.ડી.ગાંધીએ અનુરોધ કર્યો છે. રજીસ્ટ્રેશન ચાર્જમાં સવારે ચા-નાસ્તો તેમજ બપોરના ભોજનનો સમાવેશ થાય છે.

લીયો મલ્ટીપલની બીજી કાઉન્સિલીંગ મિટીંગ સાસણગીરમાં

ગાંધીનગરની લીયો મલ્ટીપલ ૩૨૩૨ સંસ્થાની બીજી કાઉન્સિલ મિટીંગ ૨૦ અને ૨૧મી જાન્યુઆરી દરમિયાન સાસણગીર ખાતે યોજવામાં આવી છે. આ મિટીંગમાં અલગ અલગ ડિસ્ટ્રીકટમાંથી પણ લીયો કલબના સભ્યો ભાગ લેનાર છે. આ મિટીંગમાં દરેક ડિસ્ટ્રીકટની લીયો કલબ દ્વારા કરાયેલા કાર્યોની સમીક્ષા કરાશે તથા આગામી સમયમાં હાથ ધરવાના કાર્યો અંગે પણ ચર્ચા કરવામાં આવશે.

વાવોલમાં સ્ટ્રેસ મેનેજમેન્ટ હેલ્થ મેનેજમેન્ટ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૮

વાવોલના પ્રગતિ મંડળ સંચાલિત એમ.બી. પટેલ સાર્વ. વિદ્યાલય વાવોલ ખાતે તા. ૧૩-૧-૨૦૧૮ને શનિવારના રોજ લાયન્સ ક્લબ અને મહર્ષિ ફાઉન્ડિશેન દ્વારા ધો. ૧૦ના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાના અનુસંધાને ટ્રેસ મેનેજમેન્ટ અને હેલ્થ મેનેજમેન્ટની વિવિધ પ્રયુક્તિઓ તથા સફળ કારકિર્દી બનાવવા ઉપયોગી ટીપ્સ આપવા માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મહર્ષિ રાવલે વિદ્યાર્થીઓને ખૂબજ ઉપયોગી માહિતી આપી હતી અને વિષયને અનુરૂપ વિડિયોક્લીપ પણ બતાવવામાં આવી હતી. આ માહિતી વિદ્યાર્થીઓને ખૂબજ ગમી હતી. સદર કાર્યક્રમમાં શાળાના મંત્રી રઘુસિંહ ગોલ, લાયન હોદેદારો, સભ્યો તથા શાળાનો સ્ટાફ હાજર રહ્યો હતો.

મકરસક્રાંતિએ મહિલા કોર્પોરેટર્સની મુકિતધામ ખાતે મુલાકાત

શહેરના સે-૩૦ ખાતેના સ્મશાન મુકિતધામની મુલાકાતે મહિલા કોર્પોરેટર્સ નીલાબેન શુકલ, પ્રવિણાબેન દરજી, હર્ષાબા ધાંધલ તથા મહિલા અગ્રણી લીરલબા વાઘેલા મકરસક્રાંતિ પર્વે પધાર્યા હતા. અહીં તેમણે ઉત્તરાયણમાં ઘાયલ તથા પક્ષીઓની સાર સંભાળના કાર્યનું અવલોકન કરવા સાથે મુકિતધામની સ્ટાફ માટે બની રહેલા સ્ટાફ ક્વાટર્સના કામની પણ જાત મુલાકાત લઈ સમીક્ષા કરી હતી. અહીં તેમણે લાકડા સાચવવા માટેના ગોડાઉન તથા નવા શેડ વગેરેના નિર્માણ કાર્યની ચકાસણી કરી હતી. આ ઉપરાંત નજીકમાં જ આવેલ ડમ્પીંગ સાઈટ ખાતે ચરતી રખડતી ગાયોની વ્યવસ્થા અંગે પણ સૂચનો કરવા સાથે મુકિતધામની મુલાકાતે આવેલ પરિવારો સાથે સમય વિતાવ્યો હતો.

નામ/અટક બદલેલ છે

મારું નામ બારોટ હેમલતાબેન મૌલીકથી બદલીને મહોલીયા હેમલતાબેન દયારામ રાખેલ છે.
મુ. ખોરજ, ગાંધીનગર

પડુસ્મા અભિનવ પ્રાથમિક શાળા ખાતે સ્કાઉટગાઈડ જિલ્લા રેલીમાં ચેમ્પિયન બની

માણસા તાલુકાની પડુસ્મા અભીનવ પ્રાથમિક શાળામાં તાજેતરમાં સ્કાઉટ ગાઈડ જિલ્લારેલી યોજાઈ હતી. તેમાં વિવિધ શાળામાંથી આવેલા બાળકો દ્વારા છાવણીનું નિર્માણ ગ્રંથોનું સ્પર્ધા, કેમ્પસ પર કાર્યક્રમ, અવલોન સ્પર્ધાનું આયોજન કર્યુ હતુ. નિર્માણ બાદ મહેમાનો દ્વારા ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો હતો. રાત્રે આનંદભેર કેમ્પફાયર કાર્યક્રમ યોજાયો હતો. બીજા દિવસે મહેમાનોની હાજરીમાં સર્વધર્મ પ્રાર્થના, ધ્વજવંદન કાર્યક્રમ, પિંજટ શો, નેચર એજ્યુકેશન વગેરે કાર્યક્રમો યોજાયા હતા. અંતમાં અભિવાદન પ્રસંગે વિવિધ સ્પર્ધામાં પડુસ્મા અભિનવ પ્રાથમિક શાળા સ્કાઉટ પ્રાથમિક વિભાગમાં સમગ્ર જિલ્લામાં ચેમ્પિયન બની હતી. છેલ્લા પાંચ વર્ષથી સતત ચેમ્પિયન બની રહી છે. કાર્યક્રમ સંપન્ન બાદ શાળાના શિક્ષકગણના અથાક પ્રયત્નો, એસ.એમ.સી.ના સભ્યો, ગ્રામજનોના સાથસહકાર, અધિકારીગણ, દાતાઓ, જિલ્લા સ્કાઉટ ગાઈડ સંઘના પદાધિકારીઓની હાજરીમાં બે દિવસ આ કાર્યક્રમ સારી રીતે સંપન્ન થયો હતો. ગામના સરપંચ, ગ્રામજનો, શાળા સ્ટાફ દ્વારા બાળકોને અભિનંદન પાઠવી ભવિષ્યમાં પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરતા રહે તેવી શુભકામના પાઠવી હતી.

: ઓનલાઈન ટેન્ડર :
જાહેર નિવિદા નં. ૨૧ સને ૨૦૧૭-૧૮

ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના તથા સિંચાઈ વિભાગના કોન્ટ્રાક્ટરોની યાદીમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ કોન્ટ્રાક્ટરો પાસેથી કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, મોડાસા, ફોન નંબર (૦૨૭૭૪) ૨૪૬૩૫૯, માલપુર રોડ, વિશ્રામગૃહ કેમ્પસ, મોડાસાની કચેરી દ્વારા પ્રોવાઈડીંગ કન્સલ્ટન્સી સર્વીસ ફોર થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન ફોર ક્યુ.એ.ટી.એ. ફોર કન્સ્ટ્રકશન ઓફ વેરીયસ ગવર્નમેન્ટ બિલ્ડીંગ, રોડ એન્ડ બ્રીજ ફોલ અંન્ડર જ્યુરીસડીકશન ઓફ આર. એન્ડ બી. ડીવીઝન મોડાસાના કામનું ટેન્ડર માંગવામાં આવે છે. સદરહુ કામની અંદાજીત રકમ રૂ. ૦૯.૬૮ લાખ સુધીની છે. સદર કામનું ટેન્ડર ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી વેબસાઈટ www.rnbnprocure.com ઉપર તા. ૧૭/૧/૨૦૧૮ અને ત્યારબાદ જોઈ શકાશે અને ડાઉન લોડ કરી શકાશે. જેની તમામ લાગતા વળગતા ઈજારદારશ્રીઓએ નોંધ લેવી. વધુમાં કામની વિગતવાર નોટીસ માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com પરથી જોઈ શકાશે.

કમાંક/ના.મા.નિ./હિંમત/૫૭૫/૨૦૧૭-૧૮